# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ 2562 ❖ અશ્વિન પૂર્ણિમા ❖ 21 જાન્યુઆરી 2019 ❖ વર્ષ – 19 ❖ અંક – 10 ❖ સળંગ અંક - 226

## ધમ્મવાણી

यथापि रूचिर पुफ्फं,
वण्णवन्तं सुगन्धकं ।
एवं सुभासिता वाचा,
सुभला होति कुब्बतो ।।

જેમ કોઇ પુષ્પ સુંદર, રંગબેરંગી અને સુગંધિત હોય, તે જ રીતે સરસ રીતેકહેવાયેલી બુદ્ધવાણી સુફળ આપનારી હોય છે, જો કોઇ તેમાં કહ્યા અનુસાર આચરણ કરવા વાળું હોય.

-ધમ્મપદ

## રાજકુમારી ચુંદીના પ્રશ્નો

મહારાજ બિંબિસારનાં સંતાનોમાંથી બીજાં બેનાં નામ આપણી સામે આગળ આવ્યાં છે. એક છે રાજકુમાર ચુંદ અને બીજી તેની બહેન રાજકુમારી ચુંદી. પોતાના પિતાના કારણે જ રાજકુમાર ચુંદ ભગવાન તરફ આકર્ષાયો હશે. તેણે ભગવાન પાસેથી સાંભળ્યું કે જે વ્યક્તિ બુદ્ધ, ધર્મ અને સંઘ પ્રત્યે શ્રદ્ધાળુ હોય છે અને પંચશીલનું પાલન કરે છે તેની સદ્‌ગતિ નિશ્ચિત છે.

રાજકુમાર ચુંદે પોતાની બહેન રાજકુમારી ચુંદીને ભગવાનની આ વાત કહી સંભળાવી. પહેલી વાર સાંભળવાથી કોઈના પણ મનમાં એ ભાવ જાગી શકે છે કે આ તો સાંપ્રદાયિક વાત છે. ભલા બુદ્ધ, ધર્મ અને સંઘ પ્રત્યે શ્રદ્ધા રાખવાથી શા માટે સદ્‌ગતિ થાય, બીજા પ્રત્યે રાખવાથી શા માટે ન થાય ? આપણે નથી જાણતા કે રાજકુમારી ચુંદીના મનમાં પણ આ જ પ્રકારના સવાલો ઉદ્‌ભવ્યા હતા કે નહીં ? પરંતુ એ સ્પષ્ટ છે કે તે આ કથનનું સ્પષ્ટીકરણ મેળવવા માટે ભગવાન પાસે ગઈ.

ભગવાન તે દિવસોમાં રાજગૃહમાં વેણુવનના કલંદકનિવાપમાં વિહાર કરી રહ્યા હતા. આ એ જ વેણુવન છે જેને બિંબિસારે બુદ્ધ-પ્રમુખ ભિક્ષુસંઘને વિહાર માટે દાન આપ્યું હતું. અહીં ખિસકોલીઓ ઘણી સંખ્યામાં હતી અને તેમને જીવનદાન મળેલું હતું. આથી આ વિહારનું નામ કલંદકનિવાપ પડ્યું. રાજકુમારી ચુંદી ભગવાનને મળવા એકલી ન ગઈ. તે નગરની પાંચસો સમવયસ્ક સખીઓને રાજ-રથો ઉપર સવારી કરાવી પોતાની સાથે લઈ ગઈ. મોટેભાગે તે દિવસોમાં સન્માન પ્રદર્શિત કરવાની આ એક રીત હતી. બુદ્ધ પ્રત્યે આ પ્રકારનું સન્માન પ્રદર્શન આપણે બુદ્ધવાણીમાં અન્યત્ર પણ જોઈએ છીએ.

રાજકુમારી ચુંદી ભગવાનની પાસે પહોંચી, તેમને નમન કરી એક બાજુ બેસી ગઈ. ત્યારે તેણે ભગવાનને કહ્યું, હે ભગવાન ! મેં મારા ભાઈ ચુંદ રાજકુમાર પાસેથી સાંભળ્યું છે કે કોઈપણ નારી કે નર બુદ્ધનું શરણ, ધર્મનું શરણ અને સંઘનું શરણ ગ્રહણ કરે છે અને હિંસા, ચોરી, વ્યભિચાર, જૂઠું બોલવાથી તેમજ માદક પદાર્થોના સેવનથી દૂર રહે છે તો તે શરીર છૂટતાં સુગતિ-લાભી થાય છે, દુર્ગતિ-લાભી નહીં.

બુદ્ધ, ધર્મ અને સંઘના શરણનો અર્થ થાય છે તેમના પ્રત્યે શ્રદ્ધાળુ થવું. એટલા માટે તે આગળ પૂછે છે - કોઈ વ્યક્તિ શાસ્તા પ્રત્યે શ્રદ્ધાળુ હોવાથી, ધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ હોવાથી, સંઘ પ્રત્યે શ્રદ્ધાળુ હોવાથી શરીર છૂટતાં સુગતિને જ શા માટે પામે છે ? દુર્ગતિને કેમનહીં ? શીલોનું સંપૂર્ણપણે પાલન કરવાથી શરીર છૂટતાં સુગતિને જ શા માટે પામે છે ? દુર્ગતિને કેમનહીં ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાને જે સ્પષ્ટ કર્યું તે સૌ સાધકો માટે ખૂબ જ પ્રેરણાદાયક છે.

તેમણે સમજાવ્યું કે તથાગત સમ્યક્ સંબુદ્ધ સમગ્ર પ્રાણીઓમાં શ્રેષ્ઠ હોય છે. સમ્યક્ સંબુદ્ધ કોઈપણ હોય. જે પણ સમ્યક્ સંબુદ્ધ હશે તે શ્રેષ્ઠતમ એટલે કે અગ્ર જ હશે. એટલે કે જે સમ્યક્ સંબુદ્ધ પ્રત્યે શ્રદ્ધાળુ છે તે અગ્ર પ્રત્યે શ્રદ્ધાળુ છે. અગ્ર પ્રત્યે શ્રદ્ધાળુ હોવાનું ફળ પણ અગ્ર એટલે કે સર્વશ્રેષ્ઠ જ મળે છે. ખરા અર્થમાં સમ્યક્ સંબુદ્ધ પ્રત્યે શ્રદ્ધાળુ હોવાનો અર્થ એ કે તેમના બતાવેલા માર્ગ પર ચાલવું. તેમનો બતાવેલ માર્ગ શ્રેષ્ઠતમ મુક્તિનો માર્ગ છે. અને તેના પર ચાલવાથી શ્રેષ્ઠતમફળ પ્રાપ્ત થવું સ્વાભાવિક છે.

ફરી ધર્મ વિશે સમજાવતાં બતાવ્યું કે ઇન્દ્રિયજગતની સચ્ચાઈઓનો ધર્મ હોય કે ઇન્દ્રિયાતીત સચ્ચાઈનો, આ બધામાં વીતરાગતા જ સર્વશ્રેષ્ઠ છે, એટલે કે અગ્ર છે. વીતરાગતા વ્યક્તિના અહંકાર ભરેલા મનનું મર્દન કરે છે, તમામ આસક્તિઓને ઉખાડે છે, બધી તરસ છિપાવે છે, ભવચક્રનો મૂળચ્છેદ કરે છે, તૃષ્ણાનો નાશ કરે છે, તેના પ્રત્યે વિરાગ પેદા કરે છે અને નિરોધની અવસ્થા સુધી લઈ જાય છે. જેનાથી નિર્વાણનો સાક્ષાત્કાર થાય છે. આવી વીતરાગતાના ધર્મ પર જેની શ્રદ્ધા છે તેની સર્વશ્રેષ્ઠ પર એટલે કે અગ્ર પર શ્રદ્ધા છે. અગ્ર પ્રતિ જે શ્રદ્ધાળુ હોય છે તેને અગ્ર ફળની જ પ્રાપ્તિ થાય છે.

જેટલા સંઘ કે ગણ છે તે સૌમાં તથાગતનો શ્રાવકસંઘ શ્રેષ્ઠ એટલે કે અગ્ર કહેવાય છે. તથાગતનો શ્રાવકસંઘ એટલે સ્રોતાપન્ન અથવા

*સગદાગામી અથવા અનાગામી અથવા અરહંત સંઘ છે. જે સંઘ આ ચારમાંથી એક પણ આર્ય ધરાવતો નથી તે ભગવાનનો શ્રાવકસંઘ નથી. સંઘ આર્ય છે એટલે કે આહ્વાન કરવાને યોગ્ય છે, આતિથ્ય કરવાને યોગ્ય છે, આદર કરવાને યોગ્ય છે, હાથ જોડી નમસ્કાર કરવાને યોગ્ય છે. કારણકે તે દાનીઓ માટે સર્વશ્રેષ્ઠ પુણ્યક્ષેત્ર છે. જે આવા સંઘ પ્રત્યે શ્રદ્ધાળુ હોય છે, તે સર્વશ્રેષ્ઠ પ્રત્યે એટલે કે અગ્ર પ્રત્યે શ્રદ્ધાળુ હોય છે. જે અગ્ર પ્રત્યે શ્રદ્ધાળુ હોય છે તેને અગ્રફળની જ પ્રાપ્તિ થાય છે.*

*જેટલાં શીલ છે તેમાં આર્યશીલ અગ્ર કહેવાય છે, એટલે કે એ શીલના પાલનથી વ્યક્તિ આર્ય બની જાય છે. એ શીલ અખંડિત, અછિદ્ર, બેદાગ, નિષ્કલંક, નિર્મળ અને સમજદારો દ્વારા પ્રશંસિત છે. એમના પ્રતિ કોઈ આસક્તિ નથી જાગતી (કોઈપણ શીલ પ્રત્યે આસક્તિ જાગી જાય તો બીજાં શીલોની અવહેલના થશે તથા આગળ જતાં સમાધિ અને પ્રજ્ઞાનો અભ્યાસ છૂટી જશે). જે શીલ માટે આસક્તિ નથી હોતી, તે શીલ, સમાધિની પરિપૂર્ણતામાં સહાયક બને છે. આ પ્રકારે શીલવાન વ્યક્તિ આર્ય બને છે. આ રીતે આર્ય બનાવવાવાળાં શીલોને જે પરિપૂર્ણ કરે છે તે અગ્રને પરિપૂર્ણ કરે છે. જે અગ્રને પરિપૂર્ણ કરે છે, તેને અગ્રફળની ઉપલબ્ધિ થાય છે.*

*ત્યારબાદ ભગવાને સમજાવ્યું -*

**अग्गतो वे पसन्नानं** - *જે અગ્ર પ્રત્યે શ્રદ્ધાળુ છે,*

**अग्गं धम्मं विजानतं** - *(તે) અગ્ર ધર્મનો જાણકાર છે.*

*બુદ્ધ જેવા અગ્ર પ્રત્યે શ્રદ્ધાળુ હોવાનો અર્થ અંધશ્રદ્ધામાં ડૂબી જવું નથી. ભક્તિના ભાવાવેશમાં કોઈ એવી આશા કરવા લાગે કે બુદ્ધ મારી દુર્ગતિ નહીં થવા દે, બુદ્ધ મને સદ્‌ગતિ આપશે, મુક્તિ આપશે તો આવી અંધશ્રદ્ધામાં ડૂબેલી વ્યક્તિ બુદ્ધની સાચી શ્રદ્ધાળુ નથી હોતી. બુદ્ધના સાચા શ્રદ્ધાળુ હોય તે તો બુદ્ધ દ્વારા સુઆખ્યાત ધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ થઈ તેને જાણે, સમજે અને અનુભૂતિમાં ઉતારે છે. આથી જ કહેવાયું -*

**अग्गे धम्मे पसन्नानं** - *જ્યારે અગ્ર ધર્મ પ્રત્યે શ્રદ્ધાળુ બને છે* **ત્યારે**

**विरागूपसमे सुखे** - *આવી વ્યક્તિ વીતરાગતા પ્રત્યે શ્રદ્ધાળુ હોય છે, વિકારોના ઉપશમન પ્રત્યે શ્રદ્ધાળુ હોય છે, પરમસુખનિર્વાણ પ્રત્યે શ્રદ્ધાળુ હોય છે.* **શ્રદ્ધાળુ હશે તો જ ધર્મને ધારણ કરવા માટે તે પ્રયત્નશીલ બનશે.**

**अग्गे सङ्घे पसन्नानं** - *અગ્ર આર્ય સંઘ પ્રત્યે શ્રદ્ધાળુ હોય છે.*

*તેમને જે અગ્રદાન આપે છે, તેનાથી*

**अग्गं पुण्यं पवडुति** - *અગ્ર પુણ્યની સંવૃદ્ધિ થાય છે.* **એનાથી**

**अग्गं आयु च वण्णो च, यसो कित्ति सुखं बलं।**

*- આ જીવનમાં લૌકિક ફળ પ્રાપ્ત થાય છે, જેવાં કે દીર્ઘાયુ, પ્રસિદ્ધિ, યશ, કીર્તિ, સુખ અને બળ.*

*આવો દાની જ્યારે*

**अग्गधम्मसमाहितो** - *અગ્રધર્મમાં સમાહિત થાય છે ત્યારે દેહ છૂટતાં*

**देवभूतो मनुस्सो वा** - *દેવતા બને છે કે મનુષ્ય બને છે* **અને ધર્મના રસ્તા પર ચાલતા રહીને**

**अग्गप्पत्तो पमोदति** - *અગ્રધર્મ નિર્વાણને પ્રાપ્ત કરી પ્રમુદિત થાય છે.* **આમ ચુંદી રાજકુમારીને સાંપ્રદાયિકતાવિહીન, સાર્વજનિક સનાતન ધર્મનું જ્ઞાન આપ્યું.**

*કોઈ વ્યક્તિ જ્યારે પોતાના પુરુષાર્થથી જ બુદ્ધ બને છે. ત્યારે તે કોઈ સંપ્રદાય સાથે જોડાયેલ નથી હોતો. પોતાની જ પારમિતાઓ સાથે ત્યાગ, તપસ્યા અને સંયમ સાથે જોડાયેલો હોય છે. બુદ્ધત્વ કોઈ સંપ્રદાયવિશેષની મોનૉપોલિ નથી. કોઈવાર એવું પણ બને છે કે કોઈ વ્યક્તિ જીવનમાં કોઈપણ બુદ્ધના સંપર્કમાં ન આવે, ના કોઈ બુદ્ધનો કોઈ ઉપદેશ સાંભળે, છતાં પણ પોતાની સમજદારીથી શીલ, સમાધિ અને પ્રજ્ઞાના શુદ્ધ ધર્મના રસ્તે ચાલે અને બુદ્ધ બની જાય, શુદ્ધ બની જાય, મુક્ત બની જાય. એવી વ્યક્તિ પ્રત્યેક બુદ્ધ એટલે કે એકાકી બુદ્ધ કહેવાય છે. આમ, બુદ્ધનો સંપ્રદાય સાથે કોઈ સંબંધ નથી હોતો. બુદ્ધ ન તો ક્યારેય કોઈ સંપ્રદાયની સ્થાપના કરે છે, ન કોઈ સ્થાપિત સંપ્રદાય સાથે જોડાય છે. ન અન્યોને કોઈ સ્થાપિત સંપ્રદાય સાથે જોડે છે. તે સ્વયં ધર્મ સાથે જોડાયેલ હોય છે અને બીજા લોકોને પણ ફક્ત ધર્મની સાથે જ જોડે છે.*

*અને ધર્મ પણ વીતરાગતાનો ધર્મ. રાગ રહેશે તો બંદી રહેશે જ, દુઃખી રહેશે જ, ભલે પોતાને કોઈપણ નામથી ઓળખે. રાગ છૂટશે તો બંધનમુક્ત થશે જ, દુઃખથી મુક્ત થશે જ ભલે પોતાને કોઈપણ નામથી બોલાવે. વીતરાગતા કોઈ એક સંપ્રદાયની જાગીર નથી. આ તો જે ધારણ કરે તેનો ધર્મ છે. તેના જ માટે કલ્યાણકારી છે. આ જ અર્થમાં વીતરાગતાનો ધર્મ સાર્વજનિક છે.*

*સંઘ પણ કોઈ સંપ્રદાયવિશેષના ગૃહત્યાગીઓના સમૂહને નથી કહેવાતો. જે આર્ય થયા છે, તે જ સાચા અર્થમાં સંઘ છે. અનાર્યમાંથી આર્ય થઈ ગયા એટલે ઓછામાં ઓછું સ્રોતાપન તો થઈ જ ગયા, તો જ આર્ય થયા, નહીં તો નહીં. સ્રોતાપન થાય છે તો મૃત્યુ બાદ દુર્ગતિથી બચી જાય છે. કારણ કે તેની અપાયગતિઓ નષ્ટ પામે છે. આવો વ્યક્તિ કોઈની કૃપાથી આર્ય નથી બની શકતો. પોતાના પુરુષાર્થ વડે જ બને છે. કોઈ કોઈને માર્ગ ભલે બતાવે, પણ કોઈને તારી નથી શકતો. જો તારક હોવાનો દાવો કરે તો સંપ્રદાય બની જ જાય. ના ધર્મ સાર્વજનિક રહે, ના સંઘ સંપ્રદાય-મુક્ત રહે.*

*શુદ્ધ શીલનું પાલન એટલા માટે કરવામાં આવે છે કે તેના બળથી સમ્યક્ સમાધિ પુષ્ટ થાય અને પ્રજ્ઞાના આધારે નિર્વાણનો સાક્ષાત્કાર થાય અને આર્ય બની જાય. જેથી સદ્ગતિ આપોઆપ નિશ્ચિત થઈ જાય છે.*

*જ્યારે કોઈ વ્યક્તિ બુદ્ધના શરણે જાય છે તો પરમજ્ઞાનીને શરણે જાય છે, અજ્ઞાનીના નહીં, જ્યારે ધર્મના શરણે જાય છે તો સનાતન સત્યના શરણે જાય છે, કાલ્પનિક મિથ્યાત્વના નહીં, જ્યારે સંઘના શરણે જાય છે તો વિમુક્ત સંતોના શરણે જાય છે, ભવચક્રમાં બંધાયેલા અસંતોના નહીં. જ્યારે સમ્યક્ સમાધિ, પ્રજ્ઞા અને વિમુક્તિની તરફ લઈ જવાવાળાં આર્ય શીલના શરણે જાય છે તો શુદ્ધ સદાચારના શરણે જાય છે, દૂષિત દુરાચારના નહીં.*

*એવો સાધક માણસ સદ્ગતિ-પરાયણ જ હોય છે, દુર્ગતિ-પરાયણ નહીં.*

*આથી સાધકો, આવો ! બુદ્ધ, ધર્મ અને સંઘના સાચા અર્થને સમજી આપણી શ્રદ્ધા જગાડીએ અને શીલ, સમાધિ, પ્રજ્ઞાનો અભ્યાસ કરી પોતાનું કલ્યાણ સાધી લઈએ !*

**''ધારણ કરે તો ધર્મ'' પુસ્તકમાંથી સાભાર**

## ધમ્મપાલિ - જૂના સાધકો માટે સંમેલન

સાધકો માટે સાધના તેમજ ધર્મસેવા માટે ખૂબજ લાભદાયી તથા પ્રેરણાદાયી સંમેલનનું આયોજન ધમ્મપાલિ કેન્દ્ર ખાતે કરવામાં આવ્યું છે, જેમાં જૂના સાધકો સાથે સામુહિક સાધના, વરિષ્ઠ શિક્ષકોનું સાધના તથા ધર્મસેવા સબંધી માર્ગદર્શન તથા ધ્યાનચર્ચાનો સુવર્ણ અવસર જેનો હરકોઈ સાધક ભાઈ–બહેનોએ લાભ લેવા નિવેદન છે.

**તારીખ** : ૨૩ માર્ચ ૨૦૧૯, સવારે : ૯–૦૦ થી
૨૪ માર્ચ ૨૦૧૯, સાંજે : ૫–૦૦ વાગ્યા સુધી

**સ્થળ** : ધમ્મપાલિ કેન્દ્ર, સોનગઢ–પાલીતાણા રોડ, ગામ : ટોડી, જિ. ભાવનગર.

**સંપર્ક** : **મો.: ૯૭૧૪૯૧૦૯૧૩, ૯૭૧૪૯૧૧૯૧૩**
**મો.: ૮૮૬૬૭૧૩૬૩૬**

## ધમ્મકોટ - એક દિવસીય શિબિર

### તારીખ : ૨૪-૦૨-૨૦૧૯, રવિવાર

**સમય :** સવારે ૯–૦૦ થી સાંજે ૫–૦૦

**નોંધ :** કેન્દ્ર ઉપર જવા–આવવા માટે નિઃશુલ્ક બસ સેવા રાખવામાં આવેલ છે. નામ નોંધાવવું જરૂરી છે.

બસનો રૂટ નીચે પ્રમાણે રહેશે.

**રૂટ :-** ૭.૩૦ કલાકે – રૈયા ચોકડી, ૭.૩૫ કલાકે – રૈયા ટેલિકોમ એક્સચેંજ, ૭.૪૦ કલાકે – કે.કે.વી. સર્કલ, ૭.૪૫ કલાકે – બીગ બઝાર, ૭.૫૦ કલાકે – નાના મવા ચોકડી, ૭.૫૫ કલાકે – મવડી ચોકડી, ૮.૦૦ કલાકે – ગોંડલ ચોકડી

**વધુ માહિતી માટે સંપર્ક : સિટી ઓફિસ**

**મો.: ૭૮૭૮૭૨૭૨ ૨૩** (નામ રજિસ્ટ્રેશન કરાવવા)

## ધમ્મજૂનાગઢ કેન્દ્ર ભૂમિ પૂજન તથા કૃતજ્ઞતા સમારોહ

ભારતમાં વિપશ્યના સાધનાના પુનરાગમનને ૫૦ વર્ષ પૂરાં થઇ રહ્યા છે. ધર્મયાત્રાની સુવર્ણજયંતીની ઉજવણીના ભાગ રૂપે વિપશ્યના પરંપરાના આચાર્યો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા શાકયમુનિ (ઇ. પૂ. ૬૨૪ થી ઇ. પૂ. ૫૪૪), લેડી સયાડો (૧૮૪૬–૧૯૨૩), સયા તે જી (૧૯૭૩–૧૯૪૫), સયાજી ઉ બા ખિન (૧૮૯૯–૧૯૭૧), શ્રી સત્યનારાયણ ગોયન્કા(૧૯૨૪–૨૦૧૩) તથા શ્રીમતી ઇલાયચી દેવી(૧૯૨૯–૨૦૧૬ અને ધમ્મ જૂનાગઢ કેન્દ્રના ભૂમિપૂજન નિમેત્તે નીચેની વિગતે જૂના વિપશ્યી સાધકો માટે એક સંમેલનનું આયોજન કરેલ છે.

### તારીખ : ૨૪-ફેબ્રુઆરી-૨૦૧૯, રવિવાર

**સમય** : સવારે ૦૮.૩૦ થી સાંજે ૦૫.૦૦ કલાક

**સ્થળ** : ધમ્મ જૂનાગઢ વિપશ્યના કેન્દ્ર, પાટલા ગામ, ભેંસાણ રોડ, જિ. જૂનાગઢ.

**નોંધ** : સૌરાષ્ટ્રના તમામ મોટા સેન્ટર પરથી ધમ્મ જૂનાગઢ જવા–આવવા માટે બસની નિઃશુલ્ક વ્યવસ્થા કરેલ છે. યોગ્ય વ્યવસ્થા થઇ શકે તે માટે અને આપને કોઇ પણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે તા. ૧૫–ફેબ્રુઆરી–૨૦૧૯ સુધીમાં આપનું રજિસ્ટ્રેશન કરાવી લેશો.

**રાજકોટ** : ૯૪૨૭૨ ૨૧૫૯૧, ૭૯૯૦૪ ૩૦૭૭૩,
**મોરબી** : **નરેન્દ્રભાઇ અધારા :** ૯૯૦૯૭ ૪૪૩૪૪
**જેતપુર** : **મનસુખભાઇ રામાણી :** ૯૪૨૯૧ ૬૯૫૯૭
**મનસુખભાઇ સાકરીયા :** ૯૯૦૯૦ ૧૫૮૫૨
**ધોરાજી** : ૯૯૦૪૪ ૨૩૦૨૪, ૯૮૯૮૫ ૭૦૦૨૯
**પાલીતાણા** : ૯૭૧૪૯ ૧૦૯૧૩, ૯૭૧૪૯ ૧૧૯૧૩
**જૂનાગઢ** : **મૂળજીભાઇ જોષી :** ૯૪૨૯૫ ૧૫૨૬૨
**દિલીપભાઇ સોંદરવા :** ૯૦૩૩૪૦૯૯૭૩
**પોરબંદર** : **હરીશભાઇ મોઢા :** ૯૧૦૬૭ ૧૬૫૩૦
**નિરૂપમાબેન થાનકી :** ૭૯૯૦૦ ૪૫૩૩૬
**અમરેલી** : ૯૪૦૯૦ ૪૨૩૮૩, ૦૨૭૯૨ ૨૨૪૦૪૦
**મહુવા** : **હરિભાઇ બાંભણીયા :** ૯૦૩૩૧૫૮૧૫૪
**ઉના** : **ગીરીશભાઇ બાબરિયા :** ૮૮૬૬૨૨૨૧૪૦
**ઉમેશભાઇ ગૌસ્વામી :** ૯૬૩૮૬ ૭૧૧૩૦
**સુરેન્દ્રનગર** : ૯૮૨૫૫ ૭૯૯૬૭, ૮૩૪૭૭ ૦૩૧૦૭
**થાન** : **રણજીતભાઇ :** ૯૮૭૯૩ ૫૧૬૩૩
**ભાવનગર** : **પંકજભાઇ :** ૮૯૮૦૪ ૭૪૬૪૬
**અમદાવાદ/ગાંધીનગર :** **આર.એમ. ઝાલા :** ૯૯૭૮ ૪૦૯ ૪૦૪
**જામનગર** : **રમણીકભાઇ ધરસંડિયા :** ૯૯૨૫૧ ૫૩૦૭૦
**આનંદ ગોપીચાણી :** ૯૩૨૮૯ ૩૪૫૧૮
**રમેશભાઇ દવે :** ૯૪૦૮૯ ૬૩૯૩૫
**સંયોજક** : **હિતેશભાઇ ધોળિયા :** મો.: ૯૯૦૯૩ ૧૨૯૪૬

**વિપશ્યના ધ્યાનનું પ્રથમ ચરણ ''આનાપાન ધ્યાન'' શીખવા માટે તેમ જ વિપશ્યના વિશે વિશેષ માહિતી મેળવવા માટે**
**JOIN OUR WHATSAPP BROADCAST**
TYPE ADD ME "Your Name, Area" and Send whatsapp it on **94262 02222**

વિપશ્યના પરિચય તેમ જ સૌરાષ્ટ્રના કેન્દ્રોની માહિતી માટે ગૂગલ પ્લે સ્ટોર પર
ANDROID APP ON Google play **''એન્ડ્રોઇડ એપ્લીકેશન''** ઉપલબ્ધ છે. **VIPASSANA DHAMMAKOT**

# ગુજરાત વિપશ્યના કેન્દ્ર - ૨૦૧૮-૧૯ શિબિરોની માહિતી

## ધમ્મકોટ

C/o. ભાભા ડાઈનિંગ હોલ,
પંચનાથ રોડ, રાજકોટ–૧.
રજિસ્ટ્રેશન – સમય
૧૦ થી ૧ અને ૪:૩૦ થી ૭
**સંપર્ક ::**
Ph.: 0281-2233666,
M : 78 78 72 72 23,
M : 78 78 72 72 40,
M : 93279 23540,
E-mail :
dhammakot@gmail.com

13-02 to 24-02
27-02 to 10-03
13-03 to 24-03
03-04 to 14-04
17-04 to 28-04

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
03-09 to 11-9-19

**10 Day Spl.**
01-09 to 12-09-19

**3 DAYS**
28-03 to 31-03
03-10 to 06-10

**1 DAY**
24-02-2019

## ધમ્મ અંબિકા

નવસારી–બિલિમોરા થી
૧૫ કિ.મી., N.H. નં.–૮
બોરિયાચ ટોલનાકાથી 2km
પશ્ચિમે, **ગામ :** વગલવાડ,
તા.: ગણદેવી. **સંપર્ક :**
Mo : 78784 60961,
Mo : 95865 82660,
94281 60714,
98250 44536. E-mail :
info@ambika.dhamma.org

12-02 to 23-02-19
25-02 to 08-03-19
27-03 to 07-04-19
15-05 to 26-05-19
27-05 to 07-06-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
12-03 to 20-03-19

**10 Days Spl.**
10-03 to 21-03-19

**3 DAYS**
11-04 to 14-04-19

**Teen.Girl**
17-04 to 25-04-19

**Teen.Boys**
27-04 to 05-05-19

## ધમ્મસિંધુ-બાડા

**સીટી સંપર્ક :**
C/o. યુનિક આર્કિટેક્ટ,
૨૦૪, આશીર્વાદ કોમ્પલેક્ષ,
લાકડા બજાર, માંડવી,
કચ્છ–૩૭૦ ૪૬૫
**સંપર્ક :**
Ph.: 02834-223575,
M : 99745 75660
E-mail :
info@sindhu.dhamma.org

03-02 to 14-02-19
17-02 to 28-02-19
08-04 to 19-04-19
21-04 to 02-05-19
05-05 to 16-05-19
02-06 to 13-06-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
05-02 to 13-02-19
10-04 to 18-04-19

**20 DAYS**
05-03 to 26-03-19

**30 DAYS**
05-03 to 05-04-19

## ધમ્મપીઠ

ગુર્જર વિપશ્યના
કેન્દ્ર–ધમ્મપીઠ
અમદાવાદ
રનોડા તા. ધોળકા,
જિ. અમદાવાદ – ૩૮૦ ૮૧૦
**સંપર્ક :**
Ph.: 02714-294690,
M : 94264 19397
E-mail :
info@pitha.dhamma.org

06-02 to 17-02-19
20-02 to 03-03-19
06-03 to 17-03-19

## ધર્મજ

હેમંતભાઈ પટેલ સંપર્ક :
Ph.: 02697- 245460, 245302
M : 94265 00765.
દિપકભાઈ સંપર્ક : M.94289 00794
Time 10.00am to 5.30 pm
E-mail : vipassana.dharmaj@gmail.Com

**10-days**
15-02 to 26-02-19
07-05 to 18-05-19
16-07 to 27-07-19

**3-DAYS**
22-03 to 26-03-19

**1-DAY** 21-04-2019

## ધમ્મ દિવાકર

C/o. ઉપેન્દ્રકુમાર પટેલ,
૭–અપના બજાર,
વિમલ સુપર માર્કેટ,
બી.કે. રોડ, મહેસાણા.
(ઉ.ગુ.)–૩૮૪ ૦૦૨.
**સંપર્ક :**
Ph.: 02762-272800,
254634, 252345
M : 94292 33000.
E-mail :
info@divakara.dhamma.org

30-01 to 10-02-19
13-02 to 24-02-19
27-02 to 10-03-19
13-03 to 24-03-19
27-03 to 07-04-19
10-04 to 21-04-19

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
01-03 to 09-03-19

**1 Day Spl.**
**Guru Purnima**
16-07-2019

**10 Days Spl.**
27-02 to 10-03-19

## ધમ્મપાલિ

ગામઃ ટોડી, સોનગઢ–
પાલીતાણા રોડ, જી. ભાવનગર.
**સંપર્ક :: ધમ્મપાલી કેન્દ્ર :**
M : 7878103636
M : 97149 11913
M : 97149 10913
**સિટી ઓફીસ :**
Ph. 0278 - 2521066,
M : 88 66 71 3636
E-mail :
dhammapali15@gmail.com

23-01 to 03-02
13-02 to 24-02
06-03 to 17-03
27-03 to 07-04
17-04 to 28-04
01-05 to 12-05

**ફક્ત જૂના સાધકો માટે**

**STP**
15-06 to 23-06-19

**1 DAYS**
06-01-2019
03-02-2019
03-03-2019
07-04-2019

**શિબિરમાં આવનાર પ્રત્યેક વ્યક્તિએ પાસપોર્ટ સાઈઝ ફોટો અને ફોટો આઈડી (ફોટો ઓળખપત્ર) લાવવું ફરજીયાત છે.**

## દોહા ધરમના

કારણ તેરે દુઃખ કે, ભીતર હી હૈ જાન ।
કયા તૂ ઢૂંઢે બાવરા ! બહિર્મુખી નાદાન ॥
બિન જડ ઉખડે ફૂલતી, ફલતી વિષ કી બેલ ।
બિના અવિદ્યા કે મિટે, રહે દુઃખ હી ઝેલ ॥
ન જાને જો સ્વયં કો, પર કા કરે બખાન ।
જ્ઞાન બોઝ સિર પર ધરે, મનુજ બડા અનજાન ॥

## દોહા ધરમના

નિત્ય માન ઇસ જગત કો, જો ખોજે સુખ ભોગ ।
ઉસ મૂરખ કો સુખ કહાં ? દુઃખ કા હી સંજોગ ॥
ભીતર અક્ષય નિધિ ભરી, મૂઢ દેખ ના પાય ।
કસ્તૂરી કે મૃગ સદૃશ, બાહર હી ભટકાય ॥
નન્હી સી તૃષ્ણા જગી, બની ગહન આસક્તિ ।
જબ તક મન આશક્ત હૈ, કહાં દુઃખોં સે મુક્તિ ?

**સોલંકી મિકેનિક વર્કસ**
૪૦/W ભક્તિનગર જી.આઈ.ડી.સી., રાજકોટ–૨.
ફોન : ૦૨૮૧ – ૨૩૬૨૧૮૯ ની મંગલકામના

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક તથા મુદ્રક : **ચંદુભાઈ મહેતા,** મુદ્રણ સ્થાન : નાઈસ આર્ટ, ''મુક્તિરામ કોમ્પ્લેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઈન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. **તંત્રી : ભરત કાપડીઆ.** વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૧. ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર**ના નામે મ.ઓ./ચેક અથવા રોકડેથી મોકલી શકાશે. રાજકોટ સિટી ઓફિસ : ભાભા હોટલ, પંચનાથ રોડ, રાજકોટ – ૧.

**વિપશ્યના 21 જાન્યુઆરી 2019** આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઈગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

'વિપશ્યના' Reg-No. GUJGUJ /2000/3013. Postal Reg. No. RAJKOT/450/2018-20
(Renewed upto 31.12.2020)
Weighs less than 30 gms
Posting day-25th of every month, Posted at Rajkot RMS - 360 001.

**ચાર વર્ષનું લવાજમ : રૂ. 100/-**

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર** (પત્રિકા વિભાગ)
ભાભા ડાઈનીંગ હોલ, પંચનાથ રોડ, રાજકોટ – 360 001.
સિટી ઓફિસ : ફોન – (0281) 2233666 / મો : 7878 7272 23
**E-mail :** info@kota.dhamma.org
**Web site :** www.kota.dhamma.org